| | | |
|---|---|---|
| GJSK040000712026 | આંક– | |
| | કેસ દાખલ તા: | ૧૬/૦૧/૨૦૨૬ |
| | કેસ રજી.તા: | ૧૬/૦૧/૨૦૨૬ |
| | કેસ ફેસલ તા: | ૦૬/૦૭/૨૦૨૬ |
| | સમય ગાળો: | વર્ષ–માસ–દિવસ |
| | | |

**<u>ઈડરના મે.એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.ઈડર.</u>**

**ફોજદારી કેસ નં.૪૬/૨૦૨૬**

**ફરીયાદી** :– સરકાર શ્રી

વિરુધ્ધ

**આરોપીઓ** :– (૧) જયેશભાઇ વીરાભાઇ મકવાણા,
(૨) કૈલાશબેન વીરાજી મકવાણા,
બન્ને રહે.સાબલવાડ, તા.ઈડર, જી.સાબરકાંઠા

| | |
|---|---|
| ગુન્હો | ઈ.પી.કો.કલમ– ૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ ધારા કલમ–૩,૪ મુજબ. |

| | |
|---|---|
| સરકારશ્રી તરફે | વિ. એ.પી.પી.શ્રી પી.બી.દવે. |
| આરોપીઓ તરફે | વિ.વ.શ્રી કે.આર.પંચાલ. |

**<u>–: ચુ કા દો :–</u>**

**(૧)..** ફરીયાદપક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, આ કામના આરોપી નં.૧ નાએ ફરીયાદી બેનનાઓને લગ્નના બે વર્ષ બાદ ઘરના કામકાજ બહાને અવાર નવાર ઝઘડો કરી બિભત્સ ગાળો બોલી તથા આરોપી નં.૨ નાઓએ ફરીયાદી બેનને બાળકો ન થતાં મહેણા ટોણા મારી અને ત્યારબાદ ફરીયાદીને બે દિકરીઓ થતા છોકરો કેમ થતો નથી તે બાબતે આરોપી નં.૧ નાઓને ચઢામણી કરી ફરીયાદી સાથે લાપડ ઝાપડ કરી ઘરમાંથી કાઢી મુકી ત્યારબાદ આજથી આઠેક માસ અગાઉ ફરીયાદીબેનનાઓ પોતાની દિકરીના

કપડાં લેવા માટે સાબલવાડ ખાતે પોતાના ઘરે જતા આરોપી નં.(૨) નાઓએ ઘરમાં જવા દીધેલ નહી અને માર મારવા દોડી આવેલા તથા આરોપી નં.(૧) નાઓએ ગાળાગાળી કરી દહેજ પેટે રૂપિયા ત્રણ લાખની માંગણી કરી ફરીયાદી બેન સાથે ઝપાઝપી કરી ઘરમાંથી કાઢી મુકી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી શારીરિક માનસીક ત્રાસ આપી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલ. તે મુજબની ફરીયાદ ફરીયાદી દ્વારા ઇડર પોલીસ સ્ટેશનમાં આપતાં, પોલીસ એજન્સીએ આરોપીઓ વિરુધ્ધ ગુનો દાખલ કરેલ. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતાં હાલનું ચાર્જશીટ કોર્ટમાં રજુ કરેલ છે.

**(૨)..** આ કામના આરોપીઓને સમન્સની ધારાસર બજવણી થતાં કોર્ટ સમક્ષ હાજર થયેલ,તેઓને સી.આર.પી.સી.કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપેલ. ત્યારબાદ આંક-૦૩ થી તહોમતનામું ફરમાવી આંક-૦૪ થી ૫ સુધી આરોપીઓની પ્લીઓ નોંધવામાં આવતાં આરોપીઓ ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)..** ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો :-</u>**

| નં. | નામ | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી કંચનબેન જયેશભાઇ મકવાણાની જુબાની | ૦૯ |

**<u>દસ્તાવેજી પુરાવો :-</u>**

| નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૦ | અસલ ફરીયાદ |

ત્યારબાદ આંક-૧૧ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનુ જાહેર કરવામાં આવેલ છે.

**(૪)..** આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ પડેલ પુરાવા સંદર્ભે આરોપીઓનું સી.આર.પી.સી.ની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. તેમાં તેઓએ ફરીયાદપક્ષની હકીકતો નકારી પોતાને

સોગંદ પરની જુબાની આપવી નથી તેમજ બચાવપક્ષના સાહેદો તપાસવા ન હોવાનું જણાવી વિશેષમાં તેઓ તદ્દન નિર્દોષ છે તેઓના પર ખોટી ફરીયાદ કરેલ છે. કહેવાતા બનાવ બાબતે તેઓ કંઈ જાણતા ન હોવાનુ જણાવેલ છે.

(૫).. ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા બચાવપક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

(૬).. આ કામે કેસની તમામ હકીકત, સંજોગો અને રજુ કરાયેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-: મુદ્દાઓ :-</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.૧ નાએ ફરીયાદી બેનનાઓને લગ્નના બે વર્ષ બાદ ઘરના કામકાજ બહાને અવાર નવાર ઝઘડો કરી બિભત્સ ગાળો બોલી તથા આરોપી નં.૨ નાઓએ ફરીયાદી બેનને બાળકો ન થતાં મહેણા ટોણા મારી અને ત્યારબાદ ફરીયાદીને બે દિકરીઓ થતા છોકરો કેમ થતો નથી તે બાબતે આરોપી નં.૧ નાઓને ચઢામણી કરી ફરીયાદી સાથે લાપડ ઝાપડ કરી ઘરમાંથી કાઢી મુકી ત્યારબાદ આજથી આઠેક માસ અગાઉ ફરીયાદીબેનનાઓ પોતાની દિકરીના કપડાં લેવા માટે સાબલવાડ ખાતે પોતાના ઘરે જતા આરોપી નં.(૨) નાઓએ ઘરમાં જવા દીધેલ નહી અને માર મારવા દોડી આવેલા તથા આરોપી નં.(૧) નાઓએ ગાળાગાળી કરી દહેજ પેટે રૂપિયા ત્રણ લાખની માંગણી કરી ફરીયાદી બેન સાથે ઝપાઝપી કરી ઘરમાંથી કાઢી મુકી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી શારીરિક માનસીક ત્રાસ આપી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી, ઇ.પી.કો. કલમ- ૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા દહેજ ધારાની કલમ-૩, ૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭).. ઉપરોકત મુદ્દાઓનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર હું નીચે મુજબ આપુ છુ.

(૧) નકારમાં,
(૨) આખરી હુકમ મુજબ.

**<u>-: કા ર ણો :-</u>**

**<u>મુદ્દા નં.૧ :-</u>**

(૮).. આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંક-૦૯ થી ફરીયાદી કંચનબેન જયેશભાઇ મકવાણાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, આજથી

આશરે દસેક વર્ષ અગાઉ સાબલવાડ ગામના વિરાજી શંકરજી મકવાણાના પુત્ર જયેશભાઇ સાથે સમાજના રીતી રીવાજ મુજબ તેઓના લગ્ન થયેલા છે જેમાં તેઓને બે દિકરીઓ છે. ત્યારબાદ લગ્નના બે વર્ષ બાદ તેઓના પતિ સાથે તેઓને સામાન્ય બાબતમાં બોલાચાલી થતાં ઉશ્કેરાટમાં આવી જઇ તેઓએ તેઓના પતિ તેમજ સાસુ સસરા સામે ઇડર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લખાવેલ હતી અને જે ફરીયાદમાં તેઓની સહી ઓળખી બતાવી આંક–૧૦ થી રજુ કરવામાં આવેલ છે. આ સિવાય ફરીયાદી ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થનકારક પુરાવો રજુ રાખતા ન હોય, વિ.એ.પી.પી.શ્રી ની વિનંતીથી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતો ને સમર્થનકારક લેષમાત્ર પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી તેમજ ફરીયાદીની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓને તેઓના પતિ સાથે સામાન્ય વાતે બોલચાલ થતાં ઉશ્કેરાટમાં આવી જઇ ફરીયાદ કરેલ હોવાનુ કબુલ રાખે છે.

(૯).. આમ, ફરીયાદીના પુરાવાથી એવી હકીકત આવે છે કે, આ કામના આરોપીઓ સાથે બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાંઇ બનેલ નહી તેમજ આરોપીઓએ કોઇ ગાળો બોલેલ નથી કે માનસિક તથા શારીરિક ત્રાસ આપેલ નથી કે દહેજની માંગણી કરેલ નથી. આમ, આ કામના ફરીયાદીના પુરાવાથી હાલના આરોપીઓએ ફરીયાદીને માનસિક તથા શારીરિક ત્રાસ આપેલ હોય કે દહેજની માંગણી કરેલ નથી.

(૧૦).. આ કામના આરોપી સામે ઇ.પી.કો.કલમ–૩૨૩ મુજબનો ગુનો પુરવાર કરવા માટે આરોપીએ સ્વૈચ્છાપુર્વક વ્યથા પહોંચાડેલ હોય ત્યારે જ આરોપીને ગુનેગાર ઠેરવી શકાય જયારે હાલના કેસમાં ફરીયાદીએ તથા સાહેદે ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ તેમને કોઇ માર મારેલ ન હોવાની હકીકત જણાવેલ છે અને બનાવમાં ફકત સામાન્ય બોલાચાલી થયેલી, તે સિવાય બીજુ કંઇ બનેલ ન હોવાની હકીકત જણાવતાં હોય ત્યારે આરોપીએ તેમને કોઇ સ્વૈચ્છાપુર્વક વ્યથા પહોંચાડેલ હોય તેવી કોઇ હકીકત પ્રસ્થાપિત થતી નથી.આમ,ફરીયાદપક્ષ ઇ.પી.કો.કલમ–૩૨૩ મુજબના કોઇ તત્વો પુરવાર કરી શકેલ નથી.

**(૧૧)..** વધુમાં, આ કામે ફરીયાદપક્ષ તરફે સોગંદ ઉપર તપાસવામાં આવેલ ફરીયાદીના પુરાવા થકી આ કામના આરોપીઓએ બનાવ વખતે ઉચ્ચારેલ ગાળોના કોઈ ચોકકસ શબ્દો રેકર્ડ ઉપર આવતા નથી તેમજ આ કામના આરોપીઓએ ફરીયાદીને કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવતી નથી તેમજ આ કામના આરોપીઓએ આપેલ ધમકીના કારણે આ કામના ફરીયાદી ભયમાં હોય અને તેઓના રોજીંદા જીવનની ક્રિયાઓમાં કોઈ વિક્ષેપ પડેલ હોય તેમજ સદર બનાવ બનાદ આ કામના ફરીયાદીને આરોપીઓ સાથે કોઈ બીજો બનાવ બનેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. એ સંજોગોમાં આ કામના આરોપી ઓને ઈ.પી.કો.કલમ–૫૦૪ તથા ૫૦૬(૨) અન્વયે તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૨)..** વધુમાં, આ કામના આરોપીઓ ઉપર ઈ.પી.કો.કલમ–૪૯૮(ક) હેઠળના ગુનાનો આરોપ છે જેથી સદર ગુનાના આવશ્યક તત્વો જોવામાં આવે તો તે આ પ્રમાણે છે.

The points requiring proof are—
(1) a woman was married;
(2) she was subjected to cruelty;
(3) such cruelty consisted of—(*a*) any conduct as was likely to drive such woman to commit suicide or to cause grave injury or danger to her life, limb or health-mental or physical. (*b*) harm of such woman with view to coercing her to meet unlawful demand for property or valuable security or on account of failure of such woman or any other of her relation to meet the unlawful demands.

**(૧૩)..** આ કામે ફરીયાદ પક્ષનો કેસ જોતાં આવશ્યક તત્વો નંબર–૩(બી) મુજબનો ફરીયાદ પક્ષનો કેસ નથી તથા આવશ્યક તત્વ નંબર–૩(એ) જોતાં આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી પોતાની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, સામાન્ય બોલચાલી સિવાય બીજુ કંઈ બનેલ ન હોવાનુ જણાવતાં હોય ત્યારે આરોપીઓ ધ્વારા તેઓને શારીરિક કે માનસિક ત્રાસ આપવામાં આવેલ ના હોય જેથી શારીરિક–માનસિક ત્રાસ આપવામાં આવેલ ના હોય જેથી શારીરિક ત્રાસ આપેલ હોવાની હકીકત પુરવાર થયેલ ન હોવાથી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૪)..** ફોજદારી કાર્યવાહીનો સિધ્ધાંત છે કે ફરીયાદપક્ષે તેનો કેસ સીધા અને સરળ પુરાવાથી પુરવાર કરવાનો હોય છે. ફોજદારી કાર્યવાહીમાં બચાવપક્ષને સમગ્ર કાર્યવાહી દરમ્યાન ખુલાસો કરવાનો હોતો નથી, ત્યારે ફરિયાદીએ તેમનો કેસ શંકારહિત પુરવાર કરવાનો હોય છે. તેજ રીતે ફોજદારી કાર્યવાહીમા માત્ર અનુમાન અને ધારણાના આધારે કોઈને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ સમગ્ર પુરાવો ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપીઓ સામે ગુન્હાના કામે સાંકળતો કોઈ પુરાવો રજુ કરી શકેલ નથી. તેવા સંજોગોમા તેમને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૫)..** આમ તમામ પુરાવાઓનુ વિશ્લેષણ કર્યા બાદ ફરિયાદપક્ષ તેમનો કેસ પુરવાર કરવામા નિષ્ફળ ગયેલા હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમા આપી અને નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

**-:: હુ ક મ ::-**

**(૧)..** ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૮(૧) નાં પ્રબંધો અનુસાર આ કામના આરોપીઓ (૧) જયેશભાઈ વીરાભાઈ મકવાણા, (૨) કૈલાશબેન વીરાજી મકવાણાનાઓને ઈ.પી.કો.કલમ-૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ ધારા કલમ-૩,૪ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)..** ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭-એ અન્વયે આ કામના આરોપીઓએ રૂ.૧૫,૦૦૦/-(રૂપિયા પંદર હજાર પુરા)ના જામીન અને જાતમુચરકા રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૬ ઠ્ઠી, માહે:જુલાઇ, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: ઈડર
તા.૦૬/૦૭/૨૦૨૬

**(ડૉ.સ્તુતિ.ડી.કાપડીયા)**
**એડી.ચીફ જયુડી. મેજી.મુ.ઈડર**
**જજ કોડ નં.જી.જે ૦૧૩૫૬**

//Mahavir//